ક્રિમિનલ કેસ નંબર –

આંક ૧ લગત હુકમ

રેકર્ડ ધ્યાને લેતા આ કામના આરોપી વિરુધ્ધ  નોંધાયેલ પોલીસ ફરિયાદના અનુસંધાને તપાસના અંતે હાલનું  ચાર્જશીટ રજૂ થવા પામેલ છે. ચાર્જશીટ રજૂ થયા બાદ આ કામના આરોપીને સમન્સ / વોરંટો જારી  કરતા મળી આવતા  નથી, આ કામે આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનાનું સ્વરૂપ ધ્યાને લેતા સમન્સ ટ્રાયલ પ્રકારનો નજીવી સજાને પાત્ર ગુનાનો  આરોપ  છે. ફરિયાદપક્ષને આરોપી રજૂ કરવા પૂરતી અને વ્યાજબી તક પૂરી પાડવા છતાં આરોપીને રજૂ  કરી શકેલ નથી. આ  કામના આરોપી  ટૂંક સમયમાં મળી આવે તેવી કોઈજ શક્યતા જણાતી નથી,  આરોપીના જામીનદાર મળી આવતા નથી. તે સંજોગો તથા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૮ ની જોગવાઇઓ ધ્યાને લેતા આરોપી વિરુધ્ધની હાલની ઈન્સાફી કાર્યવાહી પડતી મૂકી આરોપીને મુક્ત કરવામાં આવે છે.

આ કામે કોઈ મુદ્દામાલ હોય અને તે અંગે અગાઉ કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો આથી કાયમ કરવામાં આવે છે. આ કામના આરોપીએ કોઈ રોકડ રકમ જામીનગીરી પેટે જમા કરાવેલ હોય તો સરકાર ખાતે ખાલસા કરવી. અન્ય કોઈ મુદ્દામાલ હોય તો નિયમ મુજબ નાશ સારું યાદી કરવી.

હુકમ આજ તારીખ ; ૧૩  મી માહે જુલાઇ . સને ૨૦૧૯ ના રોજ યોજવમાં આવેલ સ્પેશ્યલ  સિટિંગના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સમજાવી જાહેર કર્યો.

તા, ૧૩/૦૭/૨૦૧૯

સ્થળ; વડોદરા

આર.બી.સોલંકી. એડી. ચીફ. જ્યુડી. મેજી.

કોર્ટ.નંબર.૨૧. વડોદરા.